# <u>પ્રેસનોટ</u>

**તા. ૦૬/૦૧/૨૦૨૫**

WHO,NCDC અને ભારત સરકારશ્રી દ્વારા મળેલ માહિતી મુજબ હાલમાં ચીનમાં માનવ મેટાન્યુમોવાઈરસ (HMPV) ના કેસો જોવા મળેલ છે અને ભારત દેશના અમુક રાજ્યોમાં પણ HMPV ના કેસો જોવા મળેલ છે. DGHS, NCDC, MoH&FW અને ભારત સરકારશ્રી દ્વારા તા.03/૦૧/૨૦૨૫ ના રોજ નિવેદન આપવામાં આવેલ છે કે મેટાન્યુમોવાઈરસ (HMPV) અન્ય શ્વસન વાયરસ જેવો જ વાયરસ છે. જે શિયાળાની ઋતુ દરમિયાન ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધ વયના લોકોમાં દેખાય છે અને તેના લક્ષણોમાં સામાન્ય શરદી અને ફલુનો સમાવેશ થાય છે.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે શ્વસનને લગતા ચેપી રોગોની માહિતી વિશ્લેષિત કરી છે. જેમાં ડિસેમ્બર ૨૦૨૩ ની સરખામણીએ ડિસેમ્બર ૨૦૨૪માં કોઈ નોંધપાત્ર વધારો જણાયેલ નથી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નાગરિકોને શ્વસનને લગતા ચેપી રોગોના રક્ષણ સામે શું કરવું અને શું ન કરવું તેના નિયમોનું પાલન કરવા વિનંતી કરે છે.

**શું કરવું (Do's):**

- જ્યારે ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમાલ અથવા ટિસ્યુથી ઢાંકવું.
- નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવાં કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવો.
- ભીડભાડવાળા સ્થળોથી દૂર રહેવું અને ફલૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું.
- તાવ, ઉધરસ કે છીંક આવે છે તો જાહેર સ્થળો પર જવાનું ટાળવું.
- વધુ પાણી પીવું અને પૌષ્ટિક ખોરાક ખાવો.
- પ્રબળ પ્રતિરોધક શક્તિ માટે પૂરતી ઊંઘ લેવી.
- બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન વાળા વાતાવરણમાં રહેવું.
- શ્વસનને લગતા લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું, બીજાઓ સાથે સંપર્ક મર્યાદિત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.

**શું ના કરવું (Don'ts):**

- આવશ્યક ના હોય તો આંખ, નાક કે મોઢાને સ્પર્શ કરવો નહિ.
- ચેપ ગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ના આવે તેનું ધ્યાન રાખવું.
- જાતે દવા લેવાનું ટાળવું, લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

<u>ગભરાશો નહિ, સાવચેતી એજ સલામતી હોઈ આ માર્ગદર્શિકાનું અવશ્ય પાલન કરવું</u>

સદર HMPV રોગ વિષે માહિતગાર કરવા માટે સુરત મહાનગરપાલિકા, મુખ્ય કચેરી ખાતે આજ રોજમાનનીય કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), આરોગ્ય અધિકારીશ્રી, તમામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી, આસી. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ અને અન્ય નોડલ ઓફિસરોની મીટિંગનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર/શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના તમામ મેડીકલ ઓફિસરોને વિડીયો કોન્ફરન્સ દ્વારા જોડી તમામને HMPV રોગના લક્ષણો, લેબોરેટરી તપાસ, સારવાર વિગેરે બાબતે માહિતીગર કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નંબર ૪૩૪, તા.૦૬/૦૧/૨૦૨૫